Jain Dharma Vikas (Monthly)        Regd No. B.4494




પુસ્તક ૩ જું.]        જેઠ : વીર સંવત ૨૪૬૯        [ અંક ૮



તંત્રી અને પ્રકાશક :

**ભોગીલાલ સાંકળચંદ શેઠ.**

...ંચાંગ.

...દિ ૪ ક્ષય.

...દિ ૧૩ બે

| [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|
| ૧ | શનિ | ૩ |
| ૨ | રવિ | ૪ |
| ૩ | સોમ | ૫ |
| ૪ | મંગળ | ૬ |
| ૫ | બુધ | ૭ |
| ૬ | ગુરૂ | ૮ |
| ૭ | શુક્ર | ૯ |
| ૮ | શનિ | ૧૦ |
| ૯ | રવિ | ૧૧ |
| ૦ | સોમ | ૧૨ |
| ૧ | મંગળ | ૧૩ |
| ૨ | બુધ | ૧૪ |
| ૩ | ગુરૂ | ૧૫ |
| ૪ | શુક્ર | ૧૬ |
| ૫ | શનિ | ૧૭ |
| | | ૧૮ |
| ૧ | રવિ | |
| ૨ | સોમ | ૧૯ |
| ૩ | મંગળ | ૨૦ |
| ૫ | બુધ | ૨૧ |
| ૬ | ગુરૂ | ૨૨ |
| ૭ | શુક્ર | ૨૩ |
| ૮ | શનિ | ૨૪ |
| ૯ | રવિ | ૨૫ |
| ૦ | સોમ | ૨૬ |
| ૧ | મંગળ | ૨૭ |
| ૨ | બુધ | ૨૮ |
| ૩ | ગુરૂ | ૨૯ |
| [illegible] | શુક્ર | ૩૦ |
| ૪ | શનિ | ૩૧ |
| [illegible] | રવિ | ×૧ |

×ઓગસ્ટ ૩૧

વાર્ષિક લવાજમ.] **વિષય–દર્શન.** [રૂપિયા, ત્રણ.

## અષાઢ, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| જૈન ધર્મ વિકાસ. | મુનિ હેમેન્દ્રસાગરજી. | ૧૬૯ |
| શ્રીનીતિવિજયસૂરીશ્વરદશક. | મુનિ ભદ્રાનંદવિજય | ૧૭૧ |
| શ્રી ભાવકુલકમ્ | આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ | ૧૭૨ |
| ગહુંલી. | પં. વિજયપદ્મવિજયજી | ૧૭૪ |
| વિજયનીતિસૂરીશ્વરજીના વિચારોનું આંદોલન. | આચાર્ય કલ્યાણસૂરિ. | ૧૭૪ |
| શ્રી જૈનાગમ પ્રશ્નમાળા યાને પ્રશ્નોત્તર કલ્પલતા. | આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ. | ૧૭૬ |
| ‘ધર્મ્ય વિચાર” | ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી. | ૧૭૮ |
| સિદ્ધસેન સૂરિની સ્તુતિ. | મફતલાલ ગાંધી | ૧૮૩ |
| શ્રી અરનાથ જિણંદ સ્તવનમ્ | મુનિરાજ શ્રીસુશીલવિજયજી. | ૧૮૫ |
| પવિત્ર સંસ્કૃતિ. | મફતલાલ સંઘવી. | ૧૮૬ |
| વર્તમાન સમાચાર. | તંત્રી. | ૧૯૪ |


સુદિ ૬ ગુરૂ શ્રી મહાવીર સ્વામી ચ્યવન દીન.
સુદિ ૭ શુક્ર ચૌમાસી અઠ્ઠાઈ પ્રારંભ
સુદિ ૮ શનિ શ્રી નેમનાથ મોક્ષ દીન
સુદિ ૧૪ શુક્ર શ્રી વાસુપૂજ્ય મોક્ષ અને ચૌમાસી ચૌદશ દીન.

વદિ ૩ મંગળ શ્રી શ્રેયાંસનાથ મોક્ષ.
વદિ ૭ શુક્ર શ્રી અરનાથ ચ્યવન.
વદિ ૮ શનિ શ્રી નમિનાથ જન્મદી.
વદિ ૯ રવી શ્રી કુંથુનાથ ચ્યવન દીન
વદિ ૧૧ મંગળ રોહીણી દીન.

દ્વારાઃ–વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મવિકાસ.

પુસ્તક ૩ જું. જેઠ, સં. ૧૯૯૯. અંક ૮ મો.

## જૈન ધર્મ વિકાસ.

લે.—મુનિ હેમેન્દ્રસાગરજી પ્રાંતિજ.

"ધર્મ, સમાજ, દેશ અને જીવન એ જ્ઞાન અને સદ્‌ગુણરૂપી જલસિંચને વિકસિત બની ઝળહળે છે કારણ કે જ્ઞાન અને સદ્‌ગુણ વિકાસની પૂર્ણતાનાં ગ્રાહક છે."

સમજાવશો મહાનુભાવો !
કે ધર્મ એટલે શું ?
મહત્વ શું ધર્મનું ? ને
કેમ આચરે છે તેને દેહી જીવનમાં ?
સંસારકૂપમાં ઢળી પડતા આત્માને
ધારણ કરી સ્થાપે શુભસ્થાને
એ જ માનો સત્ય ધર્મ.

**दिने दिने मंजुलमङ्गलावलिः,**
**सुसम्पदः सौख्यपरंपराच ।**
**इष्टा च सिद्धिर्बहुधा च बुद्धिः,**
**सर्वत्र सिद्धिः सृजतां सुधर्मम् ॥१॥**

અહિંસા, સંયમ ને તપ યુક્ત જ
માનજો માનવી ! સત્ય ધર્મ.
આત્માનો વિકાસ બને ધર્મારાધનથી.
અનંતકાલથી જામેલા છે આત્માપર
મહામિથ્યાત્વના ભારે થર;
નષ્ટ કરે છે તે સર્વને
ધર્મરૂપી તેજસ્વી તરણિ.
મહાનુભાવો !
સત્ય ધર્મ એજ વીતરાગ ધર્મ.
કર્મસમૂહ સાથે યુદ્ધ કરવા
પરમાત્માનું ધ્યાન એ જ છે
મહાન અસ્ત્ર.

**झाइज्जइ परमप्पा,**
**अप्पसमाणो गणिज्जइ परो वि ।**
**किज्जइ राग न रोसो-**
**छिन्निज्जइ तेण संसारो ॥१॥**

વિકારવિજયી સદા નિર્ભય.
પ્રાણી માત્રમાં સમભાવી
પરમપદને જ યોગ્ય.
રાગદ્વેષ આત્માના અરિ.
રાગદ્વેષથી અલિપ્ત જ મહાપુરુષ.
મિથ્યાત્વ દૂર કરી
વિરતિભાવ હૃદયે ધરી
વિકારોને વશ કરી
અપ્રમાદી બને છે મહાજનો.
જ્ઞાનરૂપી તેજ કિરણાવલિથી
અજ્ઞાન અંધકાર દૂર કરી
સંસાર સમુદ્ર તરે છે સંતજન.
રાગદ્વેષ જીત્યા જિનેશ્વરે,
જિનેશ્વર છે ઇષ્ટ જેના તે જૈન.

તેમનો ઉપદેશેલો ધર્મ, "જૈનધર્મ."
કમલ સમ વિકસે આત્મકમલ
જો તે પામે ધર્મકિરણાવલિ.
નીતિ, ધર્મ સાથી રત્નત્રયીનાં,
સર્વદા પરમ કલ્યાણકારી.
પ્રગટાવે તે ભવિ હૃદયે
હર્ષ ને મંગલ.
સંપત્તિનો થાય ઉદય
માન ત્યાગી ધર્મભાવીને.
વિદ્યા વિકસે મલય ચંદનસમ
સદ્‌ગુણી જન હૃદયે
મૈત્રી, પ્રમોદ, કરૂણા,
માધ્યસ્થ ભાવના પ્રગટાવે
નીતિ મય ધર્મ.
મૈત્રીનો આદેશ ઉચ્ચાર્યો
શ્રીવીતરાગ જિનેશ્વરે.
સર્વના ગુણ પ્રેક્ષી હર્ષ પામે હૈયું
એ દિવ્ય પ્રમોદ ભાવના.
દુઃખીનાં દુઃખ નિહાળી ઉપજે
કારૂણ્યભાવ તે કરૂણાભાવના.
પાપી અને અધર્મી તરફ
ઉપજે સમભાવ, તે માધ્યસ્થ ભાવના.

જૈનધર્મની ભાવનાઓનો
જિનેશ્વરરૂપી રવિદેવથી પ્રગટે
જે પરમવિકાસ એજ માનો
મહાનુભાવો ! **જૈન ધર્મ વિકાસ.**
રાજેન્દ્રો, સુરેન્દ્રો, નર, કિન્નરો,
મનોહર ને નિર્મળ હેમ સમ પુનિત
જયવન્ત ને અજિત જિનેશ્વર પદે
નમે છે પ્રફુલ્લ મને પળે પળે.
સર્વદા પ્રચાર હો અખિલ વિશ્વે
ભગવતી શારદા જિનવાણીનો
"**જૈન ધર્મ વિકાસ**ની પ્રસરો સુવાસ
ને પ્રાપ્ત હો તે પ્રત્યેક જૈનને.
વૃદ્ધિ હો દિને દિને
**જૈન ધર્મ વિકાસની**
ભાવનાભરી સુવાસમાં.
લાખો હો પ્રણામ એ
જિનેશ્વર રૂપી ધર્મ વિકાસી
રવિદેવ–ચરણે,
જે અર્પે છે અધિકતર તેજ પૂંજ
પવિત્ર જૈન ધર્મને,
ને પ્રાપ્ત હો અધિકતર દિવ્ય
**જૈન ધર્મ વિકાસ.**

**जंपिज्जइ पिय वयणं, किज्जइ विणओ अदिज्जए दाणं ।**
**परमगुण गहणं किज्जइ अमूलमंतं वसीकरणं ॥१॥**

પ્રિયવચની ને વિનયી દાની ને વળી અન્ય ગુણ જ્ઞાતા.
વશ થાયે જગ જેથી, મંત્ર વિના ના વશીકરણી થાતા.

# श्रीनीतिविजयसूरीश्वरदशकं

## ( अर्थात् योगचक्रस्तुतिः )

रचयिता:—मुनी भद्रानंदविजय

जयजयश्री योगविशारदं चारित्र्यउज्वलधारकं ।
विज्ञान भूषण भूषणं जयनीतिसूरिगुरुवरम् ॥१॥
जिसकी कृपासे मूढभी, विद्वान और वदान्य हों ।
जिसकी दयामय दृष्टिसे, पंगू भी लांघे गिरि अहो ॥
जिसके सुखद शुभ दर्शसे, महाघोर अघ मिटते सभी ।
उस नीतिसूरि यतीशको, पंचांग वंदन नित्य हो ॥२॥
जो चक्र मूलाधारमें होकर, चतुर्दलमय कमल ।
वंशं औषंशं वर्णसे शोभित है सुन्दर सविमल ॥
नवसूर्यसा शुभ रंग है स्वामी महागणराज है ।
वह और दूजा है नहीं, मम इष्ट सूरिराज है ॥३॥
स्वाधीन स्वाधिष्ठानमें, षट्पांखुरीवालाघना ।
बंसेलगालं वर्ण तक जो, दिव्यतासे है सना ॥
जगबंधु दिनकरसा अहे महावीर जहांका अधिपती ।
वह सत्यमें है एकही नीतीविजयसूरी यती ॥४॥
दिक्पालदलवालाकमल डफ बीजसे शोभित महा ।
अति पूतनाभिक देशमें जो नीलिमासे बस रहा ॥
जो आत्मरत योगीजनोंका प्राण प्यारा ध्येय है ।
वहही गुरू नीतिविजय सूरीशवरका गेह है ॥५॥
हृद बीचमें कठ बीजमय द्वादशदली अंभोज जो ।
है शुद्ध जांबू नदप्रभाधारी अनाहत चक्र जो ॥
शंकर जहांपर शंस्वरूपी शांतिके सागर अहै ।
गुरुराज वह नीतिविजय नहीं और कोई अन्य है ॥६॥
शुभशारदी शशि कौमुदी सम वर्ण जिसका शुद्ध है ।
पत्र षोडशयुक्त स्वरमय मंजु पद्म विशुद्ध है ॥
ईडासुसुमनापिंगला जहांसे स्फुरण है हो रही ।
नीतिविजयसूरीशका वह धाम मंगल है सही ॥७॥

जो चक्र आज्ञा नामका जो बिंदु है उस ब्रह्मका ॥
जो लक्ष्य है योगीन्द्रका जो स्थान है शुभ नादका।
हं क्षं महाशुभ मंत्रसे मंत्रित मनोहर पद्म है ।
वहही विजयनीतीशका सुखशांति पूरण सद्म है ॥८॥
कर्पूर केसे वर्णवाला सच्चिदानंदरूप जो ॥
ब्रह्मेश नामक चक्र है शिर मध्यमें सुखकर अती ।
गुरुराजकी वह मूर्ति है उसमें रहे निशिदिन मती ॥९॥
कर भद्र भद्रानंदका षट्चक्र वासी सद्गुरो ।
तुमही मेरे परमेष्ट हो तुमही तो इश्वर हो गुरो ॥
इस निर्झरामय दुःखको अब तो हटाकर नाथ हे ।
सद्योगवृत्ती लीनकर तारो मुझे यतिनाथ हे ॥१०॥

---

## ॥ श्री भावकुलकम् ॥

॥ कर्ता–आचार्यश्री विजयपद्मसूरिः ॥

( ગતાંક પૃષ્ઠ ૧૨૩ થી અનુસંધાન. )

सब्भावजुया किरिया–थावा विफलप्पयाण सामत्था ।
नासेइ कम्मपंकं–रवितिमिरनिदंसणा णेयं ॥४०॥
दाणाइयाइ अंगो–वंगाइं सिद्धभावभूवस्स ।
देहो जीवेण जहा–सब्भावेणं तहा धम्मो ॥४१॥
धम्मस्स हिअयमित्तो–सब्भावो कम्मट्ठदहणग्गी ।
सक्कज्जण्णेसु पयं–मुत्तिरमादारवालो से ॥४२॥
दाणं धणेण सीलं–सत्तेण तवो तविज्जए कट्ठा ।
न धणं सत्तं कट्ठं–भावे सब्भावणा सुलहा ॥४३॥
दीहेणं कालेणं–भाववियलदाणसीलतवकरणा ।
जं पुण्णं कालेणं–अप्पेणं तं पसिज्झेज्जा ॥४४॥
भावे पसण्णचंदो–दिट्ठंतो सुद्धभावणाजुत्तो ।
पत्तो केवलनाणं–बंधो मोक्खो सभावेहिं ॥४५॥
असुहेणं तंदुलिओ–मच्छो भावेण होज्ज नेरइओ ।
सुहभावेहिं जाओ–सव्वण्णू समणबाहुबली ॥४६॥

सब्भावणा बियासो–वुत्तंतं पुव्वभवगयं सोच्चा ।
धम्मी सुव्वयसेट्ठी–जह जाओ निम्मलसहावो ॥४७॥
इक्कारसी तवस्सा–जाइस्सरणेण पुव्वभवविहिया ।
विण्णाया तेण कया–पुणरवि सा गुरुभणियविहिणा॥४८॥
लद्धं निव्वाणपयं–इक्कारसमे भवे समणभावे ।
सुहभावणाइ एवं–सिरिवालाईण दिट्ठंता ॥४९॥
केइ सयंभूणामे–जलहिम्मि ससम्मुहट्ठिए मच्छे ।
पडिमायारे दट्ठुं–मच्छा जाइस्सण जोगा ॥५०॥
पावंति देसविरइं–सग्गं गच्छंति पालिऊणं तं ।
अतिहिवयं णो तेसिं–सुहभावो कम्मविवरेहिं ॥५१॥
सिज्झिसु केइ भव्वा–सिज्झंते सिज्झिहिंति कालतिगे ।
आराहिऊण मग्गं–मुत्तीए ते सुभावेहिं ॥५२॥
सब्भावजुयं दाणं–पुव्वभवे सालिभद्दपमुहेहिं ।
दिण्णं सीलं पालिय–मरिहंतमुणीसराईहिं ॥५३॥
धन्नाइयभव्वेहिं–सब्भावतवो पमोयओ तविओ ।
पुहुवीचंदाईहिं–सुभावणा भाविया सम्मं ॥५४॥
एवं णच्चा भव्वा !–जिणधम्मं कुणह भावणाललियं ।
तुम्हाण जेण होज्जा–करयलमज्झट्ठिया मुत्ती ॥५५॥
गयणिहिणंदिंदुमिए–विक्कमवरिसीयमाहमासम्मि ।
सियपंचमीइ रइयं–जइणउरी–रायणयरम्मि ॥५६॥
तवगणगयणदिवायर–गुरुवरसिरिणेमिसूरिसीसेणं ।
पउमेणायरिएणं–सहियट्ठं भावकुलगमिणं ॥५७॥
पढणायण्णणजोगा–विप्फुरइ पहावधम्मकरणमई ।
तस्सुद्धाराहणया–भव्वा साहंति सिद्धिसुहं ॥५८॥

॥ समत्तं भावकुलगं ॥

# ગહુંલી

લે.—પં. વિદ્યાવિજયજી

તમે સુણો સજન સો નરનારી
અઠાઈધરનુ વાખ્યાન આજે, વાંચે ગુરૂજી દીલધારી દીલધારી. ૧
ત્રણ પ્રકારે શ્રાવક કહીએ સદઈઆ ભદઈઆ કદઈઆ લઈએ
જાણો એ મર્મ સુખકારી સુખકારી. ૨
પર્વ પજુસણુ અઠાઇ ખાસી સૂત્રમાંહે તે છે ભાખી,
કરો ઓછવ રૂડા દીલધારી દીલધારી. ૩
ભાવના ભાવો પ્રભુજી પાસે ભવો ભવના તે દુ:ખો જાએ,
એવુ સીદ્ધાન્ત કેવાએ કેવાએ. ૪
અઠાઈ ધર દીન અઠાઈ કીજે મનુષભવનો લ્હાવો લીજે;
પુર્વ કુમારપાળ ફળ લીજે ફળ લીજે. ૫
પુર્વ પુન્યે પજુસણુ આવ્યાં, ભવિ જીવને તે મન ભાવ્યાં;
ધર્મક્રિયામાં રહે લાગ્યા રહે લાગ્યા. ૬
પાપની પોથીઓ હવે છોડો, કર્મના બંધન હવે તોડો;
નહિ મળે ફરી આ ટાણો આ ટાણો. ૭
પોષધના આજે આરંભ કરીએ, સાવદ્ય વેપારને પરહરીએ;
બ્રહ્મચર્ય આજ ઉચરીએ ઉચરીએ. ૮
આઠે દીન ભાવે એમ ઉચરીએ, નીતિસૂરિની શીખ એ ધરીએ;
વીદ્યાવચન એ દીલધરીએ દીલધરીએ. ૯

# જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી મહારાજાના વિચારોનું આંદોલન.

દુનિયામાં વ્યવહાર ચતુર ડાહ્યા માણસો હોય છે, તેઓ દરેક બાબતનો હિસાબ સારી રીતે રાખે છે. જેમ વેપારીઓ પોતાના પૈસા ખર્ચાય તેની નોંધ રાખે છે. અઢી આના શાકના, ચાર આનાની કેરી, બે આના ટ્રામભાડુ વિગેરે બાબતોની નોંધ રાખે છે.

પંડિતો–વ્યવહાર ચતુર મનુષ્યો કેવી નોંધ રાખે છે?

આજે હું ઘાટકોપર કન્યાશાળા જોવા ગયો હતો, આજે અનાથાશ્રમ જોવા ગયો હતો, ત્યાં બહારથી જેવો દેખાવ છે તેવો અંદરનો ભપકો નથી. વિગેરે વિગેરે નોંધો વિદ્વાનો લે છે.

અજ્ઞાન લોકો કેવી નોંધ લે છે—અમારી નાતની ફલાણી બાઈ મારે ઘેર મારૂ છોકરૂ ગુજરી ગયું ત્યારે મારે ઘેર મોં વાળવા પણ આવી નહોતી. અમારા વેવાઇને ત્યાં લુગડાં ઘરેણાં ચડાવવા ગયા ત્યારે લાપસીમાં પૂરૂ ઘી પીરસ્યું ન હતું વિગેરે વિગેરે અજ્ઞાની આત્માઓ નોંધ લે છે.

ખરે ! અજ્ઞાનમાં પડેલા મુનિઓ પણ સમુદાયનાં વૈમનસ્યોને વધારવા પૂર્વની વાતને યાદ કરી અનેક જીવોને ક્લેશોના પંજામાં સપડાવી નાંખે છે. ખરે ! અનેક જાતનાં વૈમનસ્યોનાં કારણો ઉભાં કરી પોતે જુદા–અલગ બેસી જાય છે. આવાં અજ્ઞાનથી ભરપુર કારણો દુનિયામાં દેખાય છે પણ આવી મોહપોથીથી–અજ્ઞાનપોથીથી કર્મનાં બંધનો વધતાં જાય છે. આવી નોંધપોથીથી મોહ વધતો જાય છે, આવી નોંધપોથીથી હૃદયને ધક્કો લાગતો જાય છે. આવી નોંધોથી હુંપણું વધતું જાય છે અને રાગદ્વેષ વધતો જાય છે.

આત્મજીવનમાં મસ્ત મનુષ્યો આવી નોંધ પોથી રાખતા નથી. પોતાનાં સારાં કામોની અથવા બીજાનાં બૂરાં કામોની નોંધ પોતાના અંતઃકરણમાં કરતા નથી, પરંતુ બીજાઓના શુભ કર્મો અવશ્ય આત્મશ્રેણીમાં ચઢે છે અને આત્માને શુભ કાર્યોમાં જોડે છે. જયાં સુધી આત્મા આત્મજીવનમાં તલ્લીન થાય નહી ત્યાં સુધી અન્યના દોષો જોવાની આકાંક્ષા થાય છે. આત્મજીવનમાં આનંદ માનનારો આત્મા પોતાના જ દોષોને એક ધ્યાનથી જોવે છે, એક-ધ્યાનથી નીહાળે છે.

દુનિયામાં બીજાના દોષો જોનાર હજારો–બલ્કે લાખો મળે છે. પણ સ્વ–પોતાના દોષો જોનાર ક્વચિત્ વ્યક્તિ હોય છે. પોતાના દોષો જોનાર આત્મા અવશ્ય આત્માનંદિ બને છે. સાધુ–અવસ્થા સ્વીકારી પણ બીજાની ભૂલોને તમો જોઈ લેશો તો તમારી ભૂલો દીન પ્રતિદીન વધવાની જ. બીજાની ભૂલો જોનાર પોતે નીચે ગબડે છે-પડે છે. વાસ્તે મારા પ્રિયબંધુ સ્વાવલમ્બનના બળે પોતાના આત્મકલ્યાણનું સાધન કરવા સાધુ સંસ્થામાં તમો આવ્યા, તો તમારોજ દોષ સ્વીકારી આત્મધ્યાનમાં મસ્ત રહો. તેજ મારી હિત શિખામણ છે. આત્મ-કલ્યાણને બાજુ રાખી એકબીજાની સાથે કલેશો ઉત્પન્ન કરી સ્વ–પરનું બગા-ડવા તૈયાર થાઓ, તેજ કર્મબંધનનું કારણ છે. કર્મબંધન ભવભ્રમણમાં બંધન રૂપ છે, બંધાય છે, કર્માધીન બનાય છે, આત્મિક વસ્તુઓમાંથી પતિત બનાય છે. વાસ્તે હે બંધુ ! તે છોડ, તારૂં પોતાનું કર. આવી મુનિઓ પ્રત્યે હમેશાં ઉપદેશ તેજ સ્વર્ગસ્થ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજનો મારા અંગત પરી-ચયથી મેં નોંધ આપેલી છે. તે મારા સુજ્ઞ બંધુઓ તેને સ્વીકારી અમલમાં મૂકવા પ્રયત્ન કરશો. ઈત્યલમ્.

લીઃ—કલ્યાણસૂરી રાંદેર.

# શ્રી જૈનાગમ પ્રશ્નમાળા યાને પ્રશ્નોત્તર કલ્પલતા

લેખક:-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી

( ગતાંક પૃષ્ઠ ૧૩૦ થી અનુસંધાન. )

૬૦-પ્રશ્ન—શ્રીવિજયદેવસૂરિજીના જન્મ વગેરે કયા સ્થલે કઈ સાલમાં થયા?

ઉત્તર—(૧) જન્મ-ઇડરમાં વિ૦ સં૦ ૧૬૩૪ પોષ સુદિ તેરશ રવિવારે. (૨) દીક્ષા-અમદાવાદમાં શ્રી હીરસૂરિ મહારાજે વિ૦ સં૦ ૧૬૪૩ માહ સુદિ દશમે. તે જ દિવસે એકજ ટાઇમે તેમની ( વિજયદેવસૂરિજીની પૂર્વાવસ્થાના ) માતુશ્રીને પણ શ્રી વિજયહીરસૂરિજીએ દીક્ષા આપી. એટલે મા-દીકરાની દીક્ષા સાથે થઈ. (૩) પંન્યાસપદ-સીકંદરપુરમાં વિ૦ સં૦ ૧૬૫૫ માં. (૪) વાચકપદ અને સૂરિ પદવી-ખંભાતમાં વિ૦ સં૦ ૧૬૫૬ ના વૈશાખ સુદિ ચોથ. (૫) સ્વર્ગવાસ-ઉનામાં વિ૦ સં૦ ૧૭૧૩ અષાડ સુદિ અગીઆરસે ૭૯ વર્ષની ઉંમરે.

૬૧-પ્રશ્ન—શ્રી વિજયસિંહસૂરિજીના જન્મ વગેરે કઈ સાલમાં કયે સ્થલે થયા?

ઉત્તર—(૧) જન્મ-મેદનીપુરમાં વિ. સં. ૧૬૪૪ માં (૨) દીક્ષા-વિ. સં. ૧૬૫૪ માં દશ વર્ષની ઉંમરે. (૩) વાચકપદ વિ. સં. ૧૬૭૩ માં ઓગણત્રીશ વર્ષની ઉંમરે. (૪) આચાર્યપદ-વિ. સં. ૧૬૮૨ માહ સુદ ૧૦ સોમવારે અડત્રીશ વર્ષની ઉંમરે. (૫) સ્વર્ગવાસ-વિ. સં. ૧૭૦૯ માં પાંસઠ વર્ષની ઉંમરે.

૬૨-પ્રશ્ન—પંન્યાસ સત્યવિજયજીના જન્મ વિગેરે કઈ સાલમાં કયે સ્થલે થયા?

ઉત્તર—(૧) જન્મ-વિ. સં. ૧૬૮૦ માં, દીક્ષા-વિ. સં. ૧૬૯૪ માં ચૌદ વર્ષની ઉંમરે, (૩) પંન્યાસપદ-મારવાડના સોજત ગામમાં વિ. સં. ૧૭૨૯ માં ઓગણપચાશ વર્ષની ઉંમરે, (૪) સ્વર્ગવાસ-પાટણમાં વિ. સં. ૧૭૫૬ માં ૭૬ વર્ષની ઉંમરે.

૬૩-પ્રશ્ન—પંન્યાસ કર્પુરવિજયજી મહારાજના જન્મ વગેરે કઇ સાલમાં કયા સ્થલે થયા?

ઉત્તર—(૧) જન્મ-વિ. સં. ૧૭૦૬ માં, (૨) જ્ઞાતિ-ચોરવાડ જ્ઞાતિના તે હતા. (૩) દીક્ષા-વિ. સં. ૧૭૨૦ માં ચૌદ વર્ષની ઉંમરે, (૪) શ્રી વિજયપ્રભસૂરિજીએ પંન્યાસપદ આપ્યું. (૫) સ્વર્ગવાસ-વિ. સં. ૧૭૭૫ શ્રાવણ વદિ ચૌદશે થયો. વિશેષ બીના તેમના જીવન ચરિત્રમાં જણાવી છે.

૬૪-પ્રશ્ન—પંન્યાસ ક્ષમાવિજયજીના જન્મ વગેરે કઇ સાલમાં કયે સ્થલે થયા?

ઉત્તર—(૧) જન્મ-વિ. સં. ૧૭૨૨ માં. (૨) જ્ઞાતિ-ઓસવાલ, (૩) દીક્ષા-અમદાવાદમાં વિ. સં. ૧૭૪૪ જેઠ સુદિ તેરશે થઇ, બાવીશ વર્ષની ઉંમરે. (૪) વિજયક્ષમાસૂરિજીએ તેમને પન્યાસપદ આપ્યું. (૫) સ્વર્ગવાસ-વિ. સં. ૧૭૮૬ માં ચોસઠ વર્ષની ઉંમરે. વિશેષ બીના તેમના જીવનચરિત્રમાંથી જાણવી.

૬૫-પ્રશ્ન—પંન્યાસ જિનવિજયજી મહરાજના જન્મ વગેરે કઈ સાલમાં કયે સ્થલે થયા ?

ઉત્તર—તે શ્રીમાલી વંશના પિતાશ્રી ધર્મદાસ અને માતુશ્રી લાડકુંવરના પુત્ર હતા. (૧) જન્મ-અમદાવાદમાં વિ. સં. ૧૭૫૨ માં, (૨) નામ-ખુશાલચંદ (૩) દીક્ષા-અમદાવાદમાં અઢાર વર્ષની ઉંમરે વિ. સં. ૧૭૭૦ કાર્તિક વદિ છઠ્ઠ બુધવારે થઇ. (૪) ગુરૂમહારાજ-પં. ક્ષમાવિજય ગણી. (૫) સ્વર્ગવાસ-પાદરામાં વિ. સં. ૧૭૯૯ શ્રાવણ સુદિ દશમે સુડતાલીસ વર્ષની ઉંમરે થયો. (૬) કૃતિ-જિન સ્તવન ચોવીશી, જ્ઞાનપંચમીનું તથા મૌન એકાદશીનું સ્તવન વગેરે. વિશેષ બીના તેમના શિષ્ય પં૦ ઉત્તમવિજયજીએ શ્રી જિનવિજય રાસમાં જણાવી છે.

૬૬-પ્રશ્ન—પૂજ્ય શ્રી ઉત્તમવિજયજીના જન્મ વગેરે કઇ સાલમાં કયે સ્થલે થયા ?

ઉત્તર—(૧) જન્મ-વિ. સં. ૧૭૬૦ માં અમદાવાદની શામળાની પોળમાં. (૨) પિતાશ્રી-લાલચંદ, માતુશ્રી-માણેકબાઇ. (૩) પોતાનું નામ-પુંજા શાહ, (૪) દીક્ષા-અમદાવાદ શામળાની પોળમાં વિ. સં. ૧૭૯૬ વૈશાખ સુદિ છટ્ઠે, છત્રીસ વર્ષની ઉંમરે. (૫) સ્વર્ગવાસ-વિ. સં. ૧૮૨૭ માહ સુદિ આઠમ રવિવારે સડસઠ [૬૭] વર્ષની ઉંમરે થયો. ગૃહવાસમાં ૩૬ વર્ષ અને દીક્ષા પર્યાયના ૩૧ વર્ષ ગણતાં ૬૭ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યા, એમ જણાય છે. (૬) કૃતિ-શ્રી જિનવિજય રાસ, અષ્ટ પ્રકારી પૂજા વગેરે. વિશેષ બીના શ્રી પદ્મવિજયજીએ રચેલા શ્રી જિનવિજયરાસમાંથી જાણવી.

૬૭-પ્રશ્ન—પં૦ શ્રી પદ્મવિજય ગણિવર્યના જન્મ વગેરે કઈ સાલમાં કયે સ્થલે થયા ?

ઉત્તર—તેઓ જૈનપુરી અમદાવાદની શામળાની પોળના રહીશ વીસા-શ્રીમાળી જ્ઞાતિના પિતાશ્રી-ગણેશલાલ, ને માતુશ્રી ઝમકુંના પાનાચંદ નામે પુત્ર હતા. (૧) તેમનો જન્મ-વિ. સં. ૧૭૯૨ ના ભાદરવા સુદિ બીજે થયો. (૨) દીક્ષા-તેર વર્ષની ઉંમરે વિ. સં. ૧૮૦૫ મહા સુદિ પાંચમે અમદાવાદની પાચ્છાંવાડી (શાહીબાગ) માં થઇ. તે વખતે ગુરૂશ્રી ઉત્તમવિજયજી મહારાજે પાનાચંદનું નામ "મુનિશ્રી પદ્મવિજયજી" પાડયું. (૩) પંન્યાસપદ-શ્રી વિજય-ધર્મસૂરિજીએ વિ. સં. ૧૮૧૦ માં અઢાર વર્ષની ઉંમરના મુનિશ્રી પદ્મવિજયજીને રાધનપુરમાં પંન્યાસપદ આપ્યું. (૪) સ્વર્ગવાસ-અમદાવાદમાં સીત્તેર વર્ષની

ઉંમરે વિ. સં. ૧૮૬૨ ના ચૈત્ર સુદિ ચોથે થયો. તેઓ ગુર્જર ભાષાના કવિ વર્ગમાં અગ્રેસર તથા સ્વ પર સિદ્ધાંતના જાણકાર, પરમ ગીતાર્થ હતા. તેમણે ૫૫૦૦૦ નવા શ્લોક બનાવ્યા. ૫૭ વર્ષ સુધી સંયમની સાધના કરી. અને સંસ્કૃત ભાષામાં ગદ્યમય શ્રી જયાનંદ કેવલી ચરિત્ર વગેરે ગ્રંથો બનાવ્યા તથા ગુજરાતી ભાષામાં ચાતુર્માસિક (ચોમાસી) દેવવંદન, જિનસ્તવન ચોવીશી, નવપદ પૂજા, નવાણુ અભિષેકની પૂજા, ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજે બનાવેલા ૧૫૦–૩૫૦ ગાથાના બંને સ્તવનોના સ્તબકાર્થ [બાલાવબોધ] વગેરે ગ્રંથો બનાવ્યા. તેઓશ્રી શ્રી જૈનેન્દ્ર શાસનના પરમ પ્રભાવક હતા. વિશેષ બીના શ્રી પદ્મવિજયરાસમાંથી જાણવી.

(અપૂર્ણ.)

## ધર્મ્ય વિચાર

લેખકઃ—ઉપાધ્યાયજી શ્રીસિદ્ધિમુનિજી

( ગતાંકઃ— પૃષ્ઠ ૧૩૨ થી અનુસંધાન )

આખા સંસારમાં જ તેને હવે સાર સમજાતો નથી. તે 'भोगमां रोग' જ જુવે છે. અને હરનીશ 'धिक् तां च तं च मदनं च इमां च मां च' ની પ્રબળ લાગણીથી પ્રેરાયલો છતો સંસારમાં કોઈ પણ સ્થળે અભય કે શાંતિ જોતો નથી. 'सेव्या नितम्बाः किमु भूधाराणामुत स्मरस्मेरविलासिनीनाम्' એ પ્રશ્નનો ઉત્તર હવે આબાદ મળી જતાં તે રાજા સંસારથી નિવૃત્ત થઈ પર્વતોના નિતંબો જ સેવવાનું નકી કરી બેઠો છે. સ્ત્રીઓના નિતંબ સેવનનું હવે તેને પ્રાયશ્ચિત્ત કરવાનું છે. રેતીથી ગોઠવેલી ગાદી વિખેરી નાખી, દોરંગી દુનિયાને અવગણી તે હવે ઉદાસીનવૃત્તિથી જ વિચરવાનું પસંદ કરે છે. લૌકિક ત્યાગ વૈરાગ્યનાં શ્રવણ પણ સંસ્કારી 'महावीरो'ના અનુયાયીઓને અવશ્ય કાંઈના કાંઇ કલ્યાણકારી શિખવ્યા સિવાય રહેશે નહિ ઓ! પ્રેમી! આજે તું મારૂં છે? આવતી કાલે તું મારૂં રહેશે? ગત ભવમાં આપણે એક બીજાનાં હતાં? આપણે મિત્રભાવે મળ્યાં છીએ કે શત્રુભાવે? આપણે એક બીજાને માટે મરીશું કે એક બીજાને મારીશું? આવતા ભવમાં એક બીજાનાં રહીશું કે અપાર છુટાં પડી જઈશું? શી ખાતરી? જો ખાતરી ન હોય તો આપણે હવે આપણા પ્રેમને દિવ્યતાનાં મિથ્યા વિશેષણોથી ન નવાજતાં, ન પંપાળતાં, તેને છેલ્લી સલામી જ ભરવી જોઇએ.

(૧૬) "अहिंसा परमो धर्मः"। એ સૂત્ર જગતના બહોળા ભાગે પોતપોતાની ભાષામાં સ્વીકાર્યું છે. પણ થોડા વિરલાએએ જ તેનો મર્મ બરાબર સમજી તેને સંપૂર્ણ અમલમાં મૂકેલું છે. ધર્મક્ષેત્રમાં દયા મુખ્ય રીતે હોવી જોઇએ, એમ બોલનારાઓમાં દયાનું સ્વરૂપ આબાદ સમજનારો કોઇક જ હોય છે. જગતના ઘણા મોટા ભાગને જીવનું અસ્તિત્વ કયાં કયાં છે, તેની જ બહુધા ખબર હોતી નથી. કીડીને બચાવવાની વાત કરતાં તે પર હસનારા આ જગતમાં ઘણા જ છે, કે જેઓ ઉપરોક્ત સૂત્રની અક્ષરશ અથવા અક્ષરભેદ હોઇ તેની અભિપ્રાયની એકતાથી નોંધ લેનારા હોય છે. રહેમની અને મર્સીની વાત શાસ્ત્રીય મૌલિક શબ્દોમાં કે અનુવાદ તરીકે ભલેને બોલાતી હોય, પણ અન્યને મારવાની વાત વ્યવહારમાં અટકતી હજુ ઓછીજ જોવામાં આવે છે. હાજરીને પશુઓની કબર કરનારા આખા દેશોના દેશો પડ્યા છે, કે જેઓ ધર્મના અંગ તરીકે ધ્યાને માને છે. પોતાના જેવી જ જીવનક્રિયાને કરતાં પોતાની પેઠે જ જીવનને ગાળતાં પશુઓ અને અન્યાન્ય ઝીણા જીવોને જાણે જીવતર વ્હાલું જ ન હોય તેમ તેમનો નાશ કરવામાં અને એ નાશક્રિયા પ્રતિ બેદરકારી બતાવવામાં, આ ધર્મી તરીકે કહેવાતા લોકો કે જેઓને તે જીવોના કરતાં કંઇક વધારે બળ અને બુદ્ધિ મળેલાં છે, તેઓ ગમે તેવી બચાવની વાતો કરી શકે, પણ જો તે જીવોથી કદાચ તેમના પ્રાણનો નાશ થતો હોય, અને પ્રતીકાર થઈ શકે તેવું કાંઇ ન હોય તો જરૂર તેવી બધીયે બચાવની વાતોને હંબગ ગણી તેઓ પોતાના માટે દયા માગ્યા સિવાય રહે નહીં. જાણે પોતે દયાના દેવતા જ હોય તેમ જે લોકો પશુઓને કે જેઓ તેમના પ્રાણની હાનિ કરે છે, તેઓને નિર્દય કહી તેમના પર ક્રોધ અને ગુસ્સો દર્શાવે છે, અને કીડી, માંકણ, જૂ, વિગેરે તથા તે પશુઓ વિગેરે જે ઉપદ્રવ કરનારા પ્રાણીઓ છે તેમને મારી નાખવા તૈયાર થાય છે; તેઓ પોત પોતાને વધારે સમજુ અને સભ્ય તથા વિવેકી મનાવવાની ધૃષ્ટતા કરે એ પણ નવાઈ નહીં તો બીજું શું છે? દયાનાં સૂત્ર ઉચ્ચારાય અને તેની સાથે "जीवा जीवस्य जीवनम्" એવું તે સૂત્રના પ્રતિ બેદરકારી બતાવનારૂં વચન પણ વખતે બોલાઇ જવાય, એવી આ આર્યદેશમાં પણ પરિસ્થિતિ વર્તે છે. તો પછી અનાર્ય દેશોને શું કહી શકીયે? વીસવસા દયા પાળવાનો વિવેક તો "महावीरो"ના વચનો સિવાય બીજે કોઇ સ્થળે છે જ નહીં. લોહી માસ ચુસી જનારાં જંતુઓ પ્રતિ પણ દયા વિચારાય અને તેમના શરીરને પીડા ન થાય, તેની ખાતર હલન ચલનની ક્રિયા અટકાવાય એવી અપૂર્વ દયા તો 'महावीरो'ના અનુયાયીઓ ચીલાતી, જેવાઓમાંજ હોઇ શકે. એક મકોડાના રક્ષણની ખાતર પોતાના શરીરની ચામડી છેદવાની ક્રિયા મહારાજા કુમારપાળ જ કરી શકે, કે જેણે સર્વજ્ઞસમા શ્રીહેમ-

ચંદ્રસૂરિની "**મહાવીરો**"ના સિદ્ધાન્તાનુસારી દયાભરી વાણીનું અમૃતપાન કર્યું હતું. દયાની મ્હોં મીઠી વાતો ઘણાઓએ કરી, પણ તેનો વ્યવહારૂ ઢંઢેરો "**મહાવીરો**" અને તેના અનુયાયીઓ સિવાય બીજાએ પીટાવ્યો હોય, તેમ ઈતિહાસ કહેતો નથી. કોઈ કોઈ આગળ વધ્યા હશે, પણ તેઓ જૂ, માંકડ, પોરા સુધી પહોંચ્યા નથી એ નિશ્ચિત જ છે. ચીન, જાપાન, બર્મા, અને સીલોન ઘણા સમયથી માંસાહારી છે, અને માંસ દયાનો નાશ કર્યા સિવાય ગળે ઉતરતું નથી. તપાસી જોશો તો માલમ પડશે કે, સર્વ જીવોના રક્ષણનું પિયરસમું શાંતિજનક અને નિર્ભય સ્થળ ફક્ત "**મહાવીરો**"નું વ્યવસ્થિત બંધારણ જ છે. ત્યાં સ્વર્ગ કે સુખને માટે પશુ હિંસા, ત્યાં કષાય કે વિષયને પોષવાના નથી જીવોના ઘાતો ત્યાં નથી. ધર્મના બ્હાને મનુષ્યોની અસહિષ્ણુતા સૂચક કતલ, અહિં **માર** એ શબ્દ સાથે જ વિરોધ છે. અહીં દુઃખી જગતના જીવોના પ્રતિ કરૂણાના જ અવાજો છે. અહીં આવેશ વશથી પણ મારવાની ભાવના માત્ર ધરનારા સમર્થ પુરૂષોને ચૌદસો ચુંવાળીશ ગ્રંથો રચવાનાં જબરાં પ્રાયશ્ચિત્ત છે. કોઇ પણ જીવને મન વચન કાયાથી ન મારવાની ન મરાવવાની કે મારતાને ન અનુમોદવાની પ્રતિજ્ઞા આ જ કરૂણા ભર્યા બંધારણમાં બંધાયલી છે. વિધર્મી, અજ્ઞાન, અનુપયોગી અને ઉપદ્રવીઓના પર પણ અહીં કરૂણા વરસાવવાનાં વિધાન છે. હેતુ, સ્વરૂપ અને અનુબંધ હિંસાનાં જ્ઞાન કરી તેથી વિરમવાના માર્ગો લેવાની સુવિચારસરણી અહીંજ નિર્મળપણે વ્હેતી છે. રાગ દ્વેષ અને મોહને અટકાવવા તથા દિલને પ્રભુ તરફ વાળવા બ્રહ્મચર્યનો મહિમા ગવાયો છે. કેટલાકો બળ વિગેરે લૌકિક લાભોની ખાતર તેનાં ગીત ગાય છે. વિષયના ઉપભોગથી થતી જીવોની હાનિ અટકાવવા બ્રહ્મચર્ય પાલનના બીજા હેતુઓ સાથે સૂક્ષ્મદૃષ્ટિથી વિચારાયો હોય તો તે રાગદ્વેષને જીતનારા વિજયી '**મહાવીરો**' ના સદ્જ્ઞાનમાં જ, બીજે નહિ. જયણા-જીવયતનાનાં સર્વ સાધનોનો ખૂબીથી વપરાશ, એ જ્ઞાનના આધારે જ કરવાનો વ્યવહારૂ માર્ગ આ વિજયવંતાઓના અનુયાયીઓ જ ખેડી શકે, કે ખેડવાની હોંશ રાખી શકે. અનુકંપા વગરનો શખ્સ એઓનો અનુયાયી થતો નથી. આ જેવી તેવી એ '**મહાવીરો**"ની મહત્તા નથી. તેઓ બળતા સાપને બચાવવા પ્રયત્ન કરે છે. અને તેનો ઉદ્ધાર કરવાની સ્વાભાવિક ભાવનાથી તેને ઇષ્ટ નમસ્કાર દઇ સ્વર્ગીય બનાવે છે. વળી તેઓ દયાની ખાતર લગ્નને અને પૂર્વ ભવના સંબંધોને તરછોડી વરયાત્રાને પાછી વાળી શકે છે, અને ગિરનારનાં ગાઢાં જંગલોમાં જઇ તપ તપી શકે છે. વળી એ "**મહાવીરો**" ડંશ દેતા દૃષ્ટિ વિષ સર્પને કરૂણાની ભીંની નજરે નિહાળી શકે છે, અને તેને શાંત કરી પૂર્વભવના ક્રોધને ઉપશમાવરાવી શકે છે. આવા આવા આદર્શોના દેનારા '**મહાવીરો**' આજે પણ તેમનાં ધ્યાનસ્થ પ્રતિબિંબોથી આ આર્યદેશને કારુણ્ય શિખવી રહ્યા છે. જન્માંતરમાં નિર્દયતા વપરાઇ હોય,

તેને યાદ કરી, જે પરમ દયાળુ 'મહાવીરો' તે કરેલા અપકારને ભૂસવા પોતાના સગ્ર અનુયાયીને ખેડુત જેવાની પાસે ધકેલી શકે છે. અને ગમે તેવી રીતે તેને ધર્મબીજ પ્રાપ્ત થાય એવું કાંઈ કરીદે છે. તેમની સહૃદયતા સાથેની દયા સામાન્ય બુદ્ધિશાળીઓને અગમ્ય છે. આર્યદેશના રહેવાસીઓનો ઘણો ખરો વર્ગ કૃતઘ્ની બની આવા મહાપુરૂષોને વિસરી ગયો તેથી જ આ આર્યદેશ સતત પરાધીનતા ભોગવતો થયો છે. એ 'મહાવીરો'નો ઉપદેશેલો ધર્મ, દયાભાવ, દૂર મૂકવાથી જ અહીં સ્વાર્થપરાયણતાને લીધે વેરઝેર વસ્યાં, ને એ વેરઝેરના દાવાનલ સાથ-ભારતને કર્તવ્યહીન બનાવી સ્વાર્થ દગ્ધ કરી મુક્યો. કુમારપાળ મહારાજા જેવાઓથી આપર વિશાળ પાયા પર અમૃતનાં છાંટણાં છંટાયાં, પણ સમયે તેને સુકવી નાંખ્યાં. દિલ્લીના દરબારમાંથી સૂરીશ્વરે સમ્રાટની મારફત અમા-રીનો સંદેશો આ હતભાગ્ય દેશમાં પસરાવ્યો, પણ તે કાળના પ્રવાહમાં વહી આછો થઇ ગયો. ગુજરાત મારવાડ અને માળવામાં દયાની અસર સચોટ રહેવા પામી છે, પણ તેનો મહીમા સમજનારા ઘણા ઓછા જ છે. દયાના ઊંડા અભ્યાસીઓ તો 'મહાવીરો'ના અનુયાયીઓ તરીકે ઓળખાવનારાઓમાં પણ ઘણા ઓછા દેખાય છે. ત્યાં પણ રોગી, પરવશ અને પશુઓનાં જીવનની કિમ્મત ન સમજે અને તેમને મારવામાં નિર્દયતા ન ગણે એવા અંગારાના પુત્ર જાગે તો પછી દયાના સ્વરૂપને નહિં સમજનારા એવા જીવાજીવાદિ પદા-ર્થોના અજ્ઞજનોને તો કહેવું જ શું ?

પૂજના, પ્રમાર્જનાથી કુંથુઓની રક્ષા કરવામાં હૃદયને રસથી જોડનારી ધાર્મિક બ્હેનો ! તમારામાંથી ઘણી અજ્ઞ હોવા છતાં તમે, તમને મળેલા સુંદર કુલપરંપરાના વારસાથી અને સાધર્મિઓ તથા સદ્ગુરૂણીઓના સમાગમથી ઘણી જ કોમળ અને દયાની લાગણીવાળી બનેલી હોય છે. કવચિત દોઢડાહ્યા અને તમને અભણ કહેનારા સ્વચ્છંદી પતિઓને તથા સંબંધી જનોને તમે અનંતા જીવોના શરીરવાળા બટાટા આદિ ખાતાં રોકવા પ્રયત્ન કરતી જણાઓ છો, એટલું જ નહિ પણ ઘણી વખત મીઠાશથી, પ્રેમથી તેમને રોકી શકો છો. સંસર્ગથી કે અનાર્ય શિક્ષણથી નષ્ટ થયેલો પતિ ઇંડાંનો ઉપયોગ કરાવવા કે કવચિત્ માંસાદિ રંધાવવા પ્રયત્ન કરે, પણ તેથી તમારૂં હૃદય દયાથી ઉભરાઇ જાય અને અણગમાથી તમને સહન કરવું પડે તે સહન કરવા તૈયાર થાઓ, અને વળી પાતિવ્રત્ય ન મૂકો, એવું ધૈર્ય તો પ્રેમના સંબંધને સાધતાં તમે જ કુલવંતીઓ બતાવી શકો. ઉદ્ધત બની પતિઓ તમને બટાટા ખવરાવવા પ્રયત્ન કરે, તમે ન ખાઓ અને હજારો પ્રયત્ને તેને સંતોષી એ કરેલા સાદર અનાદરનો બદલો વાળી આપો, એવી તમારી દયાની લાગણી 'મહાવીરો'ના સમર્થ સત્યભર્યા બંધારણની આજે પણ હજારો અવાજે જય બોલાવી રહી છે. સમાજે તમને દયા વિષે સમજવા ઘણાં જ ઓછાં સાધન આપ્યાં છે, પુરૂષોએ

તમારી લાગણીઓને સબળ બનાવવા ઘણું જ ઓછું શિક્ષણ આપ્યું છે. તો પણ તમારી દયા વખતો વખત જણાઈ આવે છે. 'छक्कायनो कूटो' કે 'आरंभ' તમારા ગૃહસ્થ જીવનમાં તમને કર્યા સિવાય ચાલતું નથી પણ તમે તેથી ડરો છો, ના પસંદગીએ કરો છો. જીવવાળાં અભક્ષ્ય અને રાત્રિભોજન કરવાં તમને ગમતાં નથી. એટલું જ નહિં પરંતુ પોતાના સંબંધીઓને પણ તેથી અટકાવવા મથો છો. અને વખતે અટકાવી પણ શકો છો. દયા વગરના થઇ અભક્ષ્ય કરનારા, રાત્રિભોજન કરનારા, બટાટા કાંદા નહિં મૂકનારા જે વ્યર્થ ડહાપણ કરે છે, તેનાથી તમે કેટલી ઉત્તમ દયાવંતીઓ છો તે એ મૂર્ખાઓ ન સમજે પણ દયાના રસમાં ઝીલનારા સજ્જનો સમજે જ છે. 'महावीरो'ના અનુયાયી ગણાતી ઘણીય બહેનો અજ્ઞાનથી, મોહથી, અનાચારથી હિંસા કરતી હશે તો પુરૂષો પણ તેથી કયાં સર્વથા મુક્ત છે. પણ સ્ત્રીઓના હાથે થતાં ઘણાં હિંસક કાર્યોમાં પુરૂષોની જવાબદારી વિશેષ છે. કારણ-આ આર્યદેશમાં સ્ત્રીઓનો વર્ગ સ્વામી નથી પણ બહુધા સેવક છે. અને જેવો દોરનાર મળે તે પ્રમાણે તે દોરાય છે. આમ છતાં સત્તાધીશ પુરૂષો તેમને ઘણીવાર વધારો પૂરતું દંડી નાખે છે. કે જેઓ તેમના અમુક દોષોને આખા સ્ત્રીવર્ગના શિરે ઓઢાડવાની હિમ્મત કરતા હોય છે. આ આખા વર્ગમાં તેમની જન્મદાત્રીઓ પણ આવી જાય છે, તેમનું પણ તેઓ સાથે સાથે અયોગ્ય અટકચાળું કરી નાખે છે, એનું પણ તેમને ભાગ્યેજ ભાન હોય છે. એમને ખબર રાખવાની દરકાર નથી કે તેની દયાથીજ તેમનું જગતમાં અસ્તિત્વ છે. માતાએ જે દયા દર્શાવી છે, તે પોતે જગત્ પર દર્શાવી ન શકે તો મનુષ્ય પોતાને મળેલો-પોતાની જનેતા તરફથી મળેલો પહેલો જ પાઠ કૃતઘ્ની થઇ ભૂલી જાય છે. પોતાનું દુ:ખી હૃદય જેમ દયા યાચે છે, તેમ દુ:ખી જગત્ દયા યાચે તો તેમાં કોઇ નવાઇ નથી. પોતે જે યાચે અને ચાહે તે જગતને આપવા દરેક જન ફરજથી અવશ્યમેવ બંધાયલો જ છે. પ્રભુ કૃપા દ્રષ્ટિથી પોતાને ત્યારે જ નિહાળે કે જ્યારે પોતે સમર્થ હોઇ, ઉતરતી પંક્તિઓના સર્વ દીન-અનાથોને કૃપાદ્રષ્ટિથી જોવા તૈયાર હોય. જે પોતે કૃપાળુ નથી, તેને કૃપાની કિમ્મત નથી. અને કૃપાની કિમ્મત ન આંકનારાને પ્રભુ કૃપા કેમ દર્શાવી શકે ? સમર્થ પ્રભુ-આત્મા પોતાના સ્થળમાં કૃપાને જોતો નથી, ત્યાં તેના પોતાના માટે જ કૃપા કયાથી આવી વસે ? 'महावीरो'એ જે અંહિસા અને દયાનું સ્વરૂપ દર્શાવ્યું છે તે શીખો, તેના અનુયાયીઓ પાસે તેનું મનન, નિદિધ્યાસન કરો અને તેને અમલમાં મૂકવા સતત પ્રયત્ન કરો; એજ સમજદાર મનુષ્યનું સત્કર્તવ્ય છે. દયાથી ઉભરાતું હૃદય થાય ત્યારેજ આ સંસારનાં દુ:ખો દૂર થઇ નિવૃત્તિ-શાંતિ-સુખ અનુભવાશે. જગતને નિર્ભય બનાવનાર જગતમાં ખરેખર નિર્ભય બની શકે છે.

( અપુર્ણ )

# સિદ્ધસેન સૂરિની સ્તુતિ.

( રચયિતાઃ—મફતલાલ ગાંધી. )

( ગતાંક પૃષ્ઠ ૧૬૪ થી અનુસંધાન )

ત્યાં વિપ્ર પંડિત વદે નહિ એમ શોભે,
તત્કાળ વાદ કરવા મન મારૂં ઝંખે;
ગોપાળ પાસ જઇ આપણુ બેઉ સાથે,
વિવાદની બહુ તપાસ કરાવવું એ. ૭

ગોપાળ પાસ જઇ વિપ્ર વદે સુ પદ્યો,
વાદિ વદે સરસ રાસ અને સુગીતો;
ગોપો વદે શુશીલ આ મુનિ જીત થાઓ,
ને હાર આ કુટીલ વિપ્ર તણી જ થાઓ. ૮

ત્યાં વિપ્ર પંડિત વદે ગુરૂ ? હાર પામ્યો,
હુઓ શિષ્ય ગુરૂ ? આજ થકી તમારો;
વાદિ વદે સમય વાદ ખરે જ આતો,
માટે ભરૂચ નૃપ પાસ હિ વાદ સાચો. ૯

સિંહાસને નૃપતિ આજ બીરાજતા છે,
સામંત, પ્રકૃતિ અને બહુ શેઠ શોભે;
ધર્મો અને સકલ શાસ્ત્ર વિશારદો છે,
ને સર્વદર્શનતણા ગુરૂ તણા આજ શોભે. ૧૦

ત્યાં વિપ્ર પંડિત વળી જીન ધર્મ ખંડે,
સ્થાપે સ્વપક્ષ બહુ તર્ક કરી સુપદ્યે;
ઉત્થાપતા સૂરિ વળી મત વિપ્રનો જે,
ને સ્થાપતા સ્વમતને બહૂ લોક રીઝે ૧૧

રાજા વદે સૂરિ તણી જીત વાદમાં છે,
ને વિપ્ર પંડિત વદે મમ હાર છે એ;
આચાર્યજી ગુરૂ હવે મુજ ના બને છે,
ને શિષ્ય હું બનુ હવે ગુરૂ માની તેને. ૧૨

દીક્ષા ગ્રહે શિર નમાવી ગુરૂ કને એ,
આપે મહાવ્રત અને મુનિ વેષ તેને;

ને જૈન દર્શન તણા શુભ તત્વ આપે,
ચારિત્ર, સિંહ સમ એ ગુરૂ પાળવા કે' ૧૩

ને વિપ્ર તે કુમુદચંદ્ર હવે કહાયે,
આચાર્ય સ્થાન ગ્રહતાં સિદ્ધસેન થાયે;
વ્યાખ્યાન પીઠ પર એ ઉપદેશ આપે,
ને દોરતા ભવિક માણુસને સુરસ્તે. ૧૪

તે સિદ્ધસેન ગુરૂને પૂછતા નમીને,
સ્વામી હું સંસ્કૃત રચું સહું સૂત્રને એ;
લાગે સુરમ્ય સહૂ પંડિત લોકને એ,
ચાહે જીનેશ્વર તણા સહુ સૂત્રને તે. ૧૫

જ્ઞાની હતા ગણધરો સૂરી પુંગવોને,
સિદ્ધાંતકાર સમયજ્ઞ ઘણા હતા એ;
તોયે રચ્યાં તનુધીના ઉપકાર માટે;
ના યુક્ત શિષ્ક કીધું તેં ઇમિ વાદી બોલે. ૧૬

એ ભુલ ભુલવ અઢાર સુરાજવીને,
આર્હંત તત્વ બતાવી જીન ધર્મ દેજે;
થાજે પ્રભાવક વળી જીન ધર્મમાંહે,
ત્યારે ગ્રહીશ તુજને જિન સંઘ માંહે. ૧૭

છોડી ભરૂચ નગરી વન માંહી જાયે,
યોગી બની વિતવતા શુભ વર્ષ બારે;
અંતે શિવેશ થકી પાર્શ્વ પ્રભુજ સ્થાપે,
કલ્યાણમંદિર વળી રચતા મુનિ એ. ૧૮

આશ્ચર્યકારી બનવે જન સર્વને એ,
આપે સૂરિ નૃપ વિક્રમ જૈની થાયે;
સાથે અઢાર નૃપ વિક્રમ જૈની થાયે,
ડંકો કરે જગ વિષે જીન ધર્મનો એ. ૨૯

બેસી સુખાસન વિષે નૃપ બોધ દેવા,
જાતાં જડે ગુરૂ અને વળી બોધ પામ્યા;
નીચા નમી શુભ મને ગુરૂ પાય લાગ્યા,
લૈ વેષને ફરીથી સંઘ વિષે જ આવ્યા. ૨૦

વૈરાગ્ય પોષક તમે નિત બોધ આપો,
સદ્જ્ઞાન અર્પણ કરી જિન ધર્મ આપો;
દોરી સુમાર્ગ જનનાં ભવ દુઃખ કાપો,
ને યોગ્ય મુક્તિ પંથ તો સહુને બતાવો. ૨૧

સમ્મતિ તર્ક સરખા બહુ તર્ક ગ્રંથો,
ન્યાયાવતાર સમ છે બહુ મૂલ્ય ગ્રંથો;
કાવ્યો ઘણાં રસિક છે પ્રતિભા ભરેલાં,
સર્વાગ્રણી કવિ ગુરૂ સૂરિહેમ કહેતા. ૨૨

કવિ સમ્રાટ શાસ્ત્રજ્ઞ, નમું હું સિદ્ધસેનને;
પ્રભાવી ધર્મ વિષે જે, નમું તે સિદ્ધસેનને. ૨૩

# શ્રીઅરનાથજિણંદ-સ્તવનમ્

કર્તાઃ—મુનિરાજ શ્રીસુશીલવિજયજી.

( અબતો પાર ભયે હમ સાધો— એ રાગ. )

અરજિન વંદિયે ભવી પ્રાણી, શુદ્ધ આત્મિક આનંદ લહીએ. (અંચલી)
ચોસઠ ઇન્દ્રો નમે જિન ચરણે, અમૃત પાન કરે મુખમે રે;
દેવાંગના નૌતમ નૃત્ય કરે રે, રાસ લેઈ ફેર ફુદડી ફરે રે. અરજિન. ૧

ભક્તિપૂર્વક તાલ વીણા વાજીંત્ર, ધપ મપ મૃદંગ બજાવેરે;
તન તન થેઈ થેઇ નાટય કરીને, નિજ લળી લળી શીષ નમાવેરે. અરજિન. ૨

ઇણ ભરતે દુષ્ટ દુષમ કાળે, મુક્તિ નહીં કોઇ જીવનીરે;
પણ પ્રભુ ભક્તિ શિવશર્મને ખેંચે, ચમક પાષાણ જેમ લોહનેરે. અરજિન. ૩

તુજ પદ પંકજ દિવ્ય મકરંદે, મધુકર સમ હું લુબ્ધો રે;
હૃદય મંદિરમાં તુજને સ્થાપ્યો, મસ્ત બન્યો આતમમાં રે. અરજિન. ૪

દુઃખ દોહગ આધિ વ્યાધિ ટળ્યાં, મિથ્યા પંક ગયો ફરે રે;
ભવ સાયરથી મુક્ત થઈને, ચાહું હું શાશ્વત સુખનેરે. અરજિન. ૫

અરજિન એટલી અરજી હમારી, લેજો ધ્યાનમાં મ્હેર કરીરે;
નેમિ લાવણ્યસૂરિ દક્ષ પ્રતાપે, સુશીલ શિવ રમણી વરીયેરે. અરજિન. ૬

# ઉન્નત માનવ-સમાજના જોમને ટકાવતી-
# પવિત્ર સંસ્કૃતિ.

મફતલાલ સંઘવી.

( ૧ )

આયુષ્યની અંધારી કુંજમાં રંગભર્યો પ્રકાશ રેલાવતી નિર્મળ તેજ મણિકા તે સંસ્કૃતિ. મંદ-સુમંદ તેનો પ્રવાહ. મધુરૂં તેનું ગાન અખંડ તેની સુરેખતા.

અમૂલ્ય રસ-તેજ ભર્યો કિરણે ગુંથાયલો એક હીરો, કાળના પ્રચંડ વજ્ર-ઘાવ ઝીલી તે વધારે દીપ્તિમાન બને. સંસ્કૃતિની પણ તેજ અફર નીતિ હીરાના જીવન-દોરથી પણ તેનું પાવિત્ર્ય વિશેષ. હીરો શુદ્ધ કાંચનની વીંટીમાં જડાય; તેમ સંસ્કૃતિનું નિર્મળ-ધવલ પ્રકાશ ઝરણું, માનવ-પ્રાણીના વિચાર, વર્ત્તન, વાણી અને વિવેકના શુદ્ધ સાગર તુલ્ય આત્મામાં ભળે. ત્યાં જઇ તે સાત્વિક ગાંસ્કૃતિક ફુવારા ઉડાડે. ફુવારાના પ્રત્યેક શીતળ બિંદુમાંથી પ્રજાના ભૂત, ભાવિ અને વર્તમાનને સુદૃઢ કરતું ખમીર ઝરે, તેને ઝીલી દિશાઓ પુલકિત બને. અને માનવ-પ્રાણીની ઉજળી જીવનદશાનો શુદ્ધ ઈતિહાસ આલેખાય.

ઉષાના આત્માનું રમણીય તેજ પી, જગતની પ્રજામાં પ્રભુતા રેલાવનારા મહાપુરૂષોના જીવંત સ્વર્ગમાંથી સંસ્કૃતિની નિર્મળ સ્રોતસ્વિની-ગંગા પ્રગટી. તેના મદભર પ્રવાહને પ્રકૃતિએ ઝીલ્યો. પુરુષના પોરસમાંથી પ્રગટેલી સંસ્કૃતિ પરમ-પુરુષને સ્વીકારતી પવિત્ર ભારતીય આર્ય પ્રજાને વિશેષ રોચક નીવડી. અને તેણે તેને વધાવી લીધી. પૂજન, કીર્ત્તન અને સંગીત વડે તેનો મહિમા વધાર્યો. કલા અને કવિતાનાં સૂક્ષ્મ પારદર્શક તત્ત્વોમાં તેની પ્રતિમા કોતરી અને તે અમર બની. આત્માની સુગંધે તેને પીછી અને તેનું અમરત્વ સપ્રમાણ સાબિત થયું. ભારતીય આર્ય-પ્રજાનું પવિત્ર જીવન આજે તેજ સત્ત્વભર સંસ્કૃતિના પાયા પર ટકી રહ્યું છે. અને તે સંસ્કૃતિ પણ ભારતની આદર્શ પ્રજાઓને વળગી રહેલી જણાય છે. પ્રજા અને સંસ્કૃતિનું સબળ ઐકય આજ સુધી ભારતની પ્રજામય ભવ્યતાને જીવાડી રહ્યું છે.

આજની ભય ભરેલી સ્થિતિમાંથી પસાર થવા માટે ભારતની આર્યપ્રજાએ વિશેષ કાળજી થવાની જરૂર છે. આજના સંગ્રામની ભીષણતાથી ભડકયા પહેલાં તેણે તેના આંતર જીવનને નિહાળવાની ખાસ આવશ્યકતા છે યોગમથી વેરા મલા વનહસ્તિની જે દશા થાય, તે દશા આજ આપણી ભારતીય આર્યપ્રજાની

ઉજ્જવળ સંસ્કૃતિની થવા બેઠી છે. ઘેરાયલી પરિસ્થિતિમાંથી સત્વર વિમુક્ત થવા આપણે પવિત્ર પ્રજા તરીકે સંયુક્ત થવાની જરૂર છે. સંસ્કૃતિના સંરક્ષણ માટે જીવનના બલિદાનની સાર્થકતા છે.

સ્વચ્છન્દે વિહરતા પંખીને આપણે પીંજરમાં પૂરી, લાડ લડાવીએ. પણ તેને તે લાડ વિશેષ ઘાતક નીવડે. અને તે વધારે ને વધારે દુઃખી થાય. તેની ઉડ્ડયન-શક્તિ પીંજરમાં કેન્દ્રિત થાય. તેનું લીલું વન કેવળ પીંજરમય બને. અને તેને બીન ઉપાયે માનવ-બુદ્ધિને સ્વીકારવી પડે.

આજે આપણી દશા પણ પીંજરમાંના પંખી જેવી જ છે. આપણી તમામ આંતર-બાહ્ય પવિત્ર શક્તિ આજે સામાન્ય પાઠ-પાઠાંતરોમાં કેન્દ્રિત થઈ ગઈ છે. અને પરિણામે પ્રગતિ સાધવાને બદલે પ્રતિગતિ કરી રહ્યા છીએ. જીવનના સ્વર્ગમાં જે વૈભવ અને આધ્યાત્મિક ભવ્યતા હોવી જરૂરી છે, તે આજ આપણે સ્વહસ્તે ખોવા તૈયાર થયા છીએ. ચોગમથી વર્ષતી અંગાર-કણોને ઝીલતી પ્રશાંત ધરા જેમ પોતાની આંતરિક તેજસ્વીતાને બળે તે અંગારને બુઝવી શાંત થાય છે, તેમ આજે આપણે પણ આપણા પાવિત્ર્યને કલુષિત કરવા મથી રહેલી ક્લિષ્ટ સંસ્કૃતિઓ સામે તેજસ્વીતાના ફૂવારા ઉડાડવા જોઈએ, આપણું જીવન કોઈ નિર્બળ તત્ત્વ પર અવલંબિત નથી, કે આપણે બીજાની ઠોકરો સહન કરીને બેસી રહેવાનું જ થાય.

નિર્મળ જળ ભર મલપતી ગંગાના પવિત્ર દર્શને, માનવી જેમ અનેરૂં સુખ અનુભવે છે, તેમ આ સંસ્કૃતિ પણ તેજ ગંગાની જન્મદાતા-જનની છે. તેણે જ ગંગાના પાવિત્ર્યને પવિત્રતાનું પ્રમાણપત્ર બક્ષેલ છે. તેથી માનવોએ ગંગા કરતાં પણ પવિત્ર સંસ્કૃતિના મહત્ત્વને વિશેષ પૂર્ણ લેખવાની જરૂર છે. ગંગા તો કેવળ એક ફાંટા રૂપ છે. ગંગા જેવી કેટલીયે પવિત્ર સરિતાઓના સુભગ સંગમમાંથી જ આર્યોના પવિત્ર આર્યત્વને દીપાવતી પરમ તેજસ્વિની ગંગોત્રી પ્રગટી છે.

અક્ષતનો એક સ્વસ્તિક. સુવ્યવસ્થિત અને સપ્રમાણ મૂકેલા અક્ષતોવડે તે કેવો રળીઆમણો દેખાય છે. સ્વસ્તિકની અખંડતાને નિરાબાધ રાખતા એક-એક અક્ષતનું કેટલું બધું મૂલ્ય અંકાય છે. ત્યારે સામાન્ય દૃષ્ટિએ એક અક્ષતની કિંમત શી ? સિવાય કે, તે એક કીડીના જીવનના કારણરૂપ થાય છે.

તે જ પ્રમાણે આપણી સંસ્કૃતિનાં મૂળભુત પવિત્ર તત્ત્વોની યથાર્થ કિંમત એકમેકને સાંકળી વર્તુલ રૂપે પરિણમતા સાંસ્કૃતિક-ચક્રમાં જ છે. તે ચક્રમાંના એક-એક તેજ ભર તત્ત્વનું મૂલ્ય સૂર્યના રમણીય રશ્મિથી પણ વિશેષ છે. કેમકે સૂર્યનાં રશ્મિ પ્રજાને જીવાડે છે. પણ સંસ્કૃતિની ધવલતા તો આપણને

જાગતા રાખી, આપણી ભૂતકાલિન દિવ્યતાનો સંપૂર્ણ ઇતિહાસ સદાને માટે આપણી પરિચિત દૃષ્ટિ સમક્ષ તરતો રાખે છે. શું તે પવિત્ર ઇતિહાસના સુવ્યવસ્થિત પ્રમાણો સિવાય આપણે કોઇ હિસાબે જીવંત–જાગૃત રહી શકીએ?

ગુલાબનું એક કોમળ ફૂલ. રંગ–રાગ ભરી તેની સુવાસ. તે સુવાસ વડે, તે આખાયે ઉદ્યાનને પવિત્ર રાખી, મઘમઘતું કરી મૂકે. સુવાસની આછી લહેર જ્યારે આખા યે ઉદ્યાનને સુગંધિત કરી શકે છે, ત્યારે પવિત્ર સંસ્કૃતિનું કલ્પવૃક્ષ પ્રસુત ગુલાબ કેટલું સુવાસિત હશે? તેની એક–એક મૃદુ–પાંખડીમાં કેટલી–શક્તિ, ભક્તિ, પ્રેમ, દયા, નીતિ, ઔદાર્ય, શ્રદ્ધા વિગેરે ભરેલાં હશે. તે અમર પુષ્પને ચીમળાવી નાખવું તે આજના પ્રગતિવાદી જણાતા યુગનો મુખ્ય આદર્શ છે. તેની માર્દવતા પર ખેરના અંગારા વરસાવવા તે આજના વિજ્ઞાનનું મૂળ કાર્ય છે. કિન્તુ–શ્રદ્ધા, સંપ, ધર્મ અને અમર આત્મારૂપી ચાર અખંડ વર્તુલમય દિવાલો વડે રક્ષાયેલા તે સાંસ્કૃતિક પુષ્પના કોમળ દેહને અડકવા માટે–પહેલાં તે દિવાલોની અભેદ્યતાને કાચી કરવી જરૂરી રહેશે. અને આજના પરદેશી વિદ્વાન્ વિચારકો લગભગ તેજ કાર્યમાં ઉદ્યુક્ત થયેલા જણાય છે. છતાં પણ વારસામાં મળેલી અખૂટ સંપત્તિને તન–મન અને ધનના તમામ બળ વડે બચાવવી તે આપણો આર્ય પ્રજા તરીકેનો પ્રથમ ધર્મ હોઈ, આપણે પ્રથમ તે પવિત્ર સંસ્કૃતિના બચાવ માટે જ તત્પર રહેવું જોઈએ. અન્ય તુચ્છ આદર્શોને આપણે હૃદયમાં સ્થાન આપવું તે જરૂરી નથી. કેમકે આપણું સમગ્ર જીવન–તે આપણી સંસ્કૃતિગમ્ય પવિત્રતા જ છે.

જગતની બીજી પ્રજાઓના આદર્શ કરતાં આપણો આદર્શ કંઇક અંશે ભિન્ન છે. આપણા આદર્શમાં ધર્મ અને આત્માની અમરતા એ બે અમર શબ્દો સમાયેલા હોઈ, આપણે તે બે–શબ્દોના અડગ પાયા પર જ રચાયલી સંસ્કૃતિ પર નભવાનું છે. અને જ્યારે તેમની સંસ્કૃતિ તો કેવળ શક્તિ અને સંહારની નીતિ પર રચાયલી હોઇ આપણા ઉપરોક્ત અમરાત્મા અને ધર્મ શબ્દથી વિરુદ્ધ જ હોય, તે સ્વાભાવિક છે. એટલે આપણે જગતની આર્ય સિવાયની પ્રજાઓના જીવનમાંથી કંઇક મળે તો શીખવાનું ખરૂં, પણ તેમના કુટ આદર્શને તો દૂર જ રાખવો. તેને અને આપણે ગમે તેટલો ગાઢ સંબંધ હોય, કે ભવિષ્યમાં બંધાય છતાંય, આપણા તેમની સાથેના તે સંબંધમાં સાંસ્કૃતિક પરિવર્તન ન સમાઈ જાય તે ખાસ લક્ષમાં રાખવાનું જરૂરી છે. અને જો આપણે તે લક્ષ્ય આપવાનું ચૂકી ગયા, તો જરૂર પતનની ખાઇમાં હડસેલાઇ જઇશું. અને આપણે જ હાથે આપણી પવિત્રતા અપવિત્ર થઇ જવાને ભયે જમીનમાં સમાઇ જશે. સમાનતા અને સહકારની ભાવના આપણને ન છેતરે, તે માટે સાવચેત રહેવાનું છે.

ચોગમ દૃષ્ટિ ફેંકતાં મને તિમિરનો ભાસ થાય છે. દિશાઓ મલીન જણાય છે. દિવસ હોય કે રાત પણ મને તે બન્ને સમયે કેવળ નિસ્તેજ જીવન–કથાનું દિગ્દર્શન થાય છે. અને ત્યાં જ હું જાણી લઉં છું કે– આપણી પવિત્રતા ખસી રહી છે. તેજ કિરણાલંકૃત આપણું દિવ્ય સાંસ્કૃતિક ચક્ર ગતિમાં મંદ પડી રહ્યું છે. તેના એક–એક અંગરૂપ પવિત્ર તત્ત્વો મ્લાન થઇ કેવળરૂપ મટી સ્થુલ આકાર ધારણ કરવા માંડ્યા છે. દરેક તત્ત્વની પારલૌકિક માન્યતાને આજની સમયાધીન સંસ્કૃતિ આજના વિજ્ઞાનવાદમાં પરિવર્તિત કરી રહી છે.

હશે આપણે એટલું જ શીખવાનું છે–કે જો આપણે આપણા તત્ત્વપર જીવવું હોય, અને અન્ય પાસે કશું પણ માગવાની ઇચ્છા ન કરવી હોય તો આજે જ આપણી પૂર્વકાલિન પવિત્રતાના દરેક અંગોને તત્ત્વ પુષ્ટ રાખવા આપણે, અન્યનું શીખવેલું બધુંય સારૂં–ખોટું જ્ઞાન ભૂલી જવાની જરૂર છે. અરે ! આપણે તે પાશ્ચાત્ય વિચારોથી તદ્દન અજ્ઞાત બની જવાની ખાસ આવશ્યકતા છે. તે સિવાય આપણું જીવન કઇ રીતે પવિત્ર રહી ટકી શકશે (?) તે એક મહાન્ પ્રશ્ન છે.

આપણી સંસ્કૃતિએ આપણને જીવાડવા માટે. અનેક નરવીરોને પેદા કરેલ. પણ આજના માનવ–સમાજમાં દૃષ્ટિ ફેંકતાં, તેને તમામ વીરોની દૃષ્ટિમાં અનેક રંગી સંસ્કૃતિનું દર્શન થતાં તે તેવા મિશ્ર વિચારોના માનવોની છાયાથી પણ દૂર હઠી રહી છે. અને તેના તમામ આઘાત–પ્રત્યાઘાત આપણે પવિત્ર પ્રજા તરીકે જીવવા ચાહનારને જ સહન કરવાના છે.

જ્યારે આપણું હૃદય કેવળ એક સંસ્કૃતિની જ ઝંખના કરી રહ્યું હશે, ત્યારે જરૂર આપણને તે એકાકાર રૂપ પવિત્ર સંસ્કૃતિના પવિત્ર તત્ત્વોની સંપૂર્ણ ઝાંખી થશે. તે સિવાય આપણી આશા ફળીભૂત થઇ શકે તેમ છે જ નહિ. કારણ કે પવિત્ર વિચારો વડે જન્મતા પવિત્ર વાતાવરણમાંથી પવિત્રતમ ચૈતન્યની તેજભરી છબીઓ પ્રગટી શકે. બાકી જો આપણે વાદળના વૃન્દમાં ચંદ્ર દર્શનનું જ્ઞાન રાખીએ, તો તે કેવળ બત્તીના ગોળા જેવો ફીક્કો અને અસહાય જણાય.

તે જ પીવા ઇચ્છનારે અમર તેજોમૃતની જ ઝંખના કરવી જોઇએ. તેમ ભવ્ય સંસ્કૃતિની વારસદાર તરીકે આપણે પણ, તે સંસ્કૃતિની ઉચ્ચતમ પવિત્ર સુગંધની સ્પૃહા રાખી, તેવું જ વર્તન રાખવું જોઇએ. તે સિવાય, તે પવિત્ર સંસ્કૃતિ–ગંગા કોઇની થઈ નથી અને થાવાનીયે નથી

પવિત્રતા અને પ્રેમમાંથી જ પ્રગટે છે. અને તેમાં જ સમાઇ જાય છે.

# વર્તમાન સમાચાર.

પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજીમહારાજ રાયકોટમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા સાનંદ કરાવી વૈ. વ. પ્રતિપદાએ વિહાર કરી હલવારા દ્રાખાકા પડાવ–ભદ્દોવાલ આદિ થઈ વૈ. વ. છઠ્ઠીએ લુધીયાના પધાર્યા. શ્રીસંઘે સમારોહથી પ્રવેશ કરાવ્યો. આચાર્યશ્રીજીના સદુપદેશથી શ્રી આત્માનંદ જૈન-સ્કૂલને સારી મદદ મળી. અત્રેથી વિહાર કરી લાડુવાલ, ફલૌર–ગુરાયાં–ફગવાડા ખુરજાપુર, રોહાણા, તનોલી, હીરાપુર થઈને જેઠ સુદિ ચોથ સોમવારે હુશીયા-રપુર પધાર્યા. શ્રીસંઘે ધામધૂમથી સમારોહ પૂર્વક પ્રવેશ કરાવ્યો.

જેઠ સુદિ અષ્ટમીએ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર (આત્મારામ)જી મહારાજની જયંતી આચાર્યજીની અધ્યક્ષતામાં સમારોહપૂર્વક ઉજવવામાં આવી. નવયુવાનોએ પ્રભાતફેરી કરી.

આચાર્યશ્રીજી-પંન્યાસ સમુદ્રવિજયજી, પંડિત હંસરાજજી શાસ્ત્રીનાં સ્વર્ગવાસી ગુરૂદેવના વિષયમાં મનોહર રહસ્ય ભાષણો થયાં અને ગુરૂસ્તુતિના આકર્ષક ગાયનો થયાં.

## આચાર્ય મહારાજ કલ્યાણસૂરિનું રાંદેરમાં થયેલ સ્વાગત

રાંદેરના જૈન સંઘની ઇચ્છા આ વર્ષે કોઈ આચાર્ય મહારાજને રાંદેરમાં ચોમાસું કરાવવાની હતી. સંઘની સંમતિથી કાપડિયા બાબુલાલ હીરાચંદ તથા જૈન પાઠશાળાના શિક્ષક ભાઈશ્રી ગોરધનભાઈ અમદાવાદ આચાર્યમહારાજ વિજય કલ્યાણસૂરીજીને વિનંતી કરવા ગયા હતા તેમની વિનંતીને માન આપી આચાર્ય મહારાજે રાંદેર ચોમાસું કરવાનું સ્વીકાર્યું. અમદાવાદથી વિહાર કરતાં કરતાં મહારાજશ્રી માતર પધાર્યા. ત્યાં શેઠશ્રી ભીખાભાઇ ધરમચંદ, ચીમનલાલ પ્રેમચંદ, હીરાચંદ ગુલાબચંદ તથા મદનલાલ છગનલાલ ફરીવાર એમને વિનંતી કરવા ગયા હતા. બાદ આચાર્ય મહારાજ વિજયકલ્યાણસૂરીજી આદિ ઠાણા ૧૦ સુરત પધાર્યા. તેમને રાંદેરમાં પ્રવેશ કરાવવાનું મુહૂર્ત જેઠ સુદ ૧૩નું રાખવામાં આવ્યું.

જેઠ સુદ ૧૩ ને દિવસે આચાર્ય મહારાજ રાંદેરમાં પ્રવેશ કરશે એ સમાચારથી આખા ગામમાં આનંદ પ્રસરી ગયો. આચાર્ય મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરવાની તૈયારીમાં બધા ભાઇઓ રોકાયા. વરઘોડામાં ૨૦ સાંબેલા નોંધાયા. નાના બાળકથી માંડીને તે વૃદ્ધ સુધી દરેકના મુખ ઉપર આનંદની લાગણી હતી. રાંદેર માટે એ અપૂર્વ પ્રસંગ હતો. વૃદ્ધોનું કહેવું છે કે છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન કોઈપણ આચાર્ય મહારાજે શહેરમાં ચોમાસું કર્યું નથી. આથી જૈન ભાઇઓનો ઉત્સાહ સમાતો ન હતો. આચાર્ય મહારાજનું ભવ્ય સ્વાગત કરવું એવી દરેકે દરેકની તમન્ના હતી. દરેક જૈન ભાઈઓએ રાજી-ખુશીથી પોતાની દુકાનો બંધ રાખી.

બરાબર અગીયાર વાગતાં વરઘોડો કાઢી મહારાજ સાહેબને લેવા માટે ગામ બહાર ગયા. શુકનમાં બ્હેન સુરજ અને બ્હેન લલીતાએ ગહુંલીઓ કાઢી મહારાજ સાહેબનું સ્વાગત કર્યું. ત્યાંથી આચાર્ય મહારાજને સાથે લઇ વરઘોડો ગામમાં આવવા પાછો ફર્યો. આચાર્ય મહારાજના દર્શનને માટે આતુર લોકોની મેદની ઠેરઠેર જામી હતી.

વરઘોડો ઘણોજ લાંબો અને સુશોભિત હતો. નાનાં બાળક બાળિકાઓનાં સાંબેલા કરવામાં આવ્યા હતા. વરઘોડાની શરૂઆતમાં ચાર ઘોડેસ્વારો હતા. એક ભાઈએ હાથમાં ધ્વજ લીધો હતો, જ્યારે બીજા ભાઇઓ નેકીનો સ્વાંગ સજી બ્યુગલ વગાડતા, લોકોને મહારાજશ્રીના આગમનની જાણ કરતા હતા. તેની પાછળ રીક્ષા ગાડીઓની લંગર જામી હતી. તેની પાછળ વિકટોરીયા અને તેની પાછળ મોટરો. મોટરોની પાછળ સુરતનું પ્રખ્યાત હાસમ બેન્ડ પોતાના સંપૂર્ણ રસાલા સાથે આચાર્ય મહારાજ સહિત ચાલતું હતું. મહારાજ સાથે મોટી સંખ્યામાં પાઘડીધારી પુરૂષ સમુદાય અને એ સમુદાયની પાછળ એક મોટો સ્ત્રી સમુદાય ચાલતો હતો. એ એક અપૂર્વ દૃશ્ય હતું.

આચાર્ય મહારાજની પધરામણી જૈન લત્તામાં થતાં ગહુંલી કાઢવાની શરૂઆત થઇ. પાંચ પાંચ અને સાત સાતની હારોમાં બ્હેનોએ ગહુંલીઓ કાઢવા માંડી. માર્ગમાં આવતા નેમનાથ ભગવાનના દહેરાસરે આચાર્ય મહારાજે પ્રથમ દર્શન કર્યાં. વરઘોડો મોટા ફળીયામાં થઇ સામી શેરી, વિશાળ ફળીયા, દેશાઇ પોળ, અંબાજીનો ચકલો, વરિયાળ ઓળ, સોની ફળીયા, નિશાળફળીયા થઈ ધર્મશાળાએ પહોંચ્યો. વરઘોડાને ફરવાનો બધો માર્ગ લીલા તોરણો, ધ્વજા પતાકા અને જૈન ધર્મના સૂત્રોથી શણગારવામાં આવ્યો હતો. ચાર ઘોડેસ્વાર, ૨૦ સાંબેલા, ઢોલી, તાંસા અને ચાર બેન્ડની સૂચક હાજરી ધ્યાન ખેંચે તેવી હતી. માર્ગમાં ૮૧ ગહુંલીઓ કાઢવામાં આવી હતી. ઠેર ઠેર ફોટાઓ લેવામાં આવ્યા હતા.

ધર્મશાળાએ પહોંચ્યા બાદ મહારાજશ્રીએ પોતાની શાંત, સુભગ અને શ્રોતાઓને રૂચે એવી છટાદાર ભાષામાં વ્યાખ્યાન આપ્યું. બાદ પ્રભાવના કરવામાં આવી.

બપોરના આદીશ્વર ભગવાનના દહેરાસરે પૂજા ભણાવવામાં આવી. પૂજા ભણાવવામાં નિષ્ણાત ભાઈશ્રી મોહનભાઇએ અપૂર્વ ભક્તિથી અનેક રાગરાગણીઓમાં પૂજા ભણાવી શ્રોતાઓને મુગ્ધ કર્યા. રાત્રે ભાવના ભાવવામાં આવી.

લોકોમાં ઉત્સાહનું અનેરૂં વાતાવરણ પ્રસરી રહ્યું છે. દરરોજ સારી સંખ્યામાં લોકો મહારાજશ્રીના પ્રવચનનો લાભ ઉઠાવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં પોતાનો તન, મન અને ધનનો તથા કિંમતી વખતનો ભોગ આપવા બદલ શેઠશ્રી ભીખાભાઇ ધરમચંદ તથા પંચના પ્રમુખ શેઠશ્રી છગલાલ લાલચંદને ધન્યવાદ ઘટે છે.

આચાર્ય મહારાજ વિજયકલ્યાણસૂરીજીનું ચોમાસું અત્રે નક્કી થયેલ છે. પુણ્યાનુબન્ધી પુણ્ય, પુણ્યાનુબન્ધી પાપ, પાપાનુબન્ધી પુણ્ય અને પાપાનુબંધી પાપ; ઉપર આચાર્ય મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા છે. પરંતુ સાથોસાથ મહારાજ સાહેબ 'ભગવતી સૂત્ર' ઉપર પણ દરરોજ રસમય વિવેચન કરે છે. આથી ઘણા ભાઈઓનો વિચાર થયો કે જો રાંદેરમાં ભગવતી સૂત્ર વંચાય તો સારૂં. આથી રાંદેરના શેઠ શાહ નાથાભાઇ સોમચંદે પોતેજ ભગવતી સૂત્ર વંચાવવાની ઈચ્છા દર્શાવી. સંઘ સમસ્ત આ વાત મૂકતાં સંઘે બહુજ આનંદ પૂર્વક એમની માંગણી સ્વીકારી લીધી. અષાડ સુદ ૨ ને દિવસે શેઠ નાથાભાઇ સોમચંદના ઘેરથી એક મોટો વરઘોડો કાઢી ભગવતી સૂત્ર ધર્મશાળાએ લઇ જવામાં આવશે અને આચાર્ય મહારાજ વિજય કલ્યાણસૂરીજી તેજ દિવસે ભગવતી સૂત્રનું વાંચન શરૂ કરશે. આ અંગે ૧૦૮ ખરા મોતીનો સાથીઓ શેઠ શાહ ભીખાભાઇ ધરમચંદ તરફથી બનાવી આપવામાં આવશે. ભગવતી સૂત્ર વિષે એક રસમય બીના ખાસ નોંધવા જેવી છે. તપાસ કરતાં માલમ પડયું છે કે રાંદેરમાં ભગવતી સૂત્ર છેલ્લામાં છેલ્લું સં. ૧૭૩૮માં એટલે કે લગભગ ૨૩૧ વર્ષ પહેલાં વંચાયું હતું.

જૈન ધર્મશાળાનો પ્રવેશદ્વાર આગળનો ભાગ બંધાવી આપવા માટે રૂ. ૨૫૦૧) ની ઉદાર સખાવત રાંદેરના જાણીતા શેઠ શાહ મગનલાલ નાથાભાઈએ સંઘ સમસ્ત કરી છે.

વૈશાખ સુદ ૭મે નેમનાથ ભગવાનની સાલગીરી હોઈ દર વરસે તે દિવસે સંઘ જમણ થાય તે માટે શેઠ ભીખાભાઈ ધરમચંદે રૂા. ૨૦૦૦) અને શેઠ નાથાભાઇ મોતીચંદે રૂા. ૧૫૦૦) ની ઉદારતા કરી છે.

રાંદેરનો જૈન સમાજ શેઠ મગનલાલ નાથાભાઈ, શેઠ ભીખાભાઇ ધરમચંદ, શેઠ નાથુભાઈ મોતીચંદ અને શેઠ નાથુભાઇ સોમચંદનો તેમની કિંમતી સેવા બદલ આભાર માને છે. રાંદેરનો જૈન સમાજ આવા સદ્‌ગૃહસ્થો પાસે હજી પણ સારા કાર્યો માટે આશાની અમી મીટ માંડી રહ્યો છે અને ઈચ્છે છે કે તેમના વરદ હસ્તે આવા સુંદર કાર્યો વધુને વધુ થાય.

મુનિમહારાજ શ્રીહિરસાગરજીની નવમી જયંતિ નિમિત્તે અત્રે પૂજા, ભાવના તથા બ્હેનોને રાત્રિ જગોનો કાર્યક્રમ જેઠ વદ ૧૩ ને દિવસે રાખવામાં આવ્યો હતો. પૂજા બાદ પ્રભાવના અને રાત્રિ જાગરણ બાદ લ્હાણી કરવામાં આવી હતી. લોકોએ ખૂબજ આનંદ પૂર્વક લાભ લીધો હતો.

શા. વસંતલાલ રતિલાલ. રાંદેર.

મુદ્રક-હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-અમદાવાદ.
પ્રકાશક-ભોગીલાલ સાંકળચંદ શેઠ "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-અમદાવાદ.

# તપાગચ્છ પટ્ટાવલી
## સાહિત્યરસિક જનતાને ખાસ તક
### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું.

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ,** ૫૬ા૧ ગાંધી રોડ, **અમદાવાદ.**

---

બહાર પડી ચૂકેલ છે

## શબ્દરત્નમહોદધિ શબ્દકોષ ભાગ ૨ જો
### સંગ્રાહક, પન્યાસજી શ્રીમુકિતવિજયજી.

સંસ્કૃત ભાષા સરળ રીતે બાળજીવો સમજી, દરેક જૈન અજૈન ગ્રંથોનું વાસ્તવિક અર્થ સ્વરૂપ સમજી શકે. તેવી પદ્ધતિએ જૈનાચાર્ય શ્રીવિજયનીતિ સુરીશ્વરજી મહારાજની કોષ બનાવી, તેનું પ્રકાશન કરાવી, જનતાને તેનો લાભ લેતા કરવાની મહેચ્છા હતી, તે બાર વર્ષની મહેનતે આજે પરિપૂર્ણ થવા પામેલ છે.

આવા અલભ્ય કોષના બે ભાગો, ક્રાઉન આઠ પેજી એકંદર ૧૮૦૦ પૃષ્ઠના, ગુરૂવર્યોના શોભિત ફોટાઓ અને પાકા પુંઠાં સાથે આ ગ્રંથના પહેલા ભાગના રૂા. ૮-૦-૦, અને બીજા ભાગના રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું રાખવામાં આવેલ છે.

પહેલો ભાગ મેળવનારાઓએ બીજો ભાગ સત્વર મંગાવી લેવાનું ધ્યાનમાં રાખવું.

બન્ને ભાગના એકીસાથે પાંચ સટ લેનારને પંદર ટકા કમીશન આપવામાં આવશે.

લખો.-**શ્રીવિજયનીતિસુરિજી જૈન લાયબ્રેરી,** ૫૬/૧ ગાંધીરોડ, **અમદાવાદ.**

### —: સરસ્વતી પુસ્તક ભંડાર :—

| | |
|---|---|
| હાથીખાના રતનપોળ | લક્ષ્મી નિવાસ, પાંજરાપોળ લેન |
| **અમદાવાદ.** | **મુંબઇ.** |

## ....તિ....થિ........ચ....ર્ચા....

તા. ૬-૭-૪૩ ના દિવસે 'તિથિ ચર્ચા'નું પરિણામ જાહેર થાય તે અગાઉ આચાર્ય સાગરાનંદસૂરિએ તટસ્થના નિર્ણયને નહિ માનવાનુ જાહેર કરતું નિવેદન હેન્ડબીલ અને પેપરોદ્વારા જાહેર કર્યું છે.

---

## આવશ્યક.

### આવતો અંક શ્રાવણ સુદી પ્રતિપદાએ બહાર પડશે.

૧ આ વર્ષે ગ્રાહક થનારને ભેટના પુસ્તક તરીકે ૧ તીર્થોદ્ધારકઆચાર્ય વિજય નીતિસૂરિ જીવનચરિત્ર (સચિત્ર ગુજરાતી) લેખક ફુલચંદ હરિચંદ દોશી. ૨ સમ્મતિ સ્થાન પ્રકરણ. ૩ વાકયપ્રકાશ મોકલવામાં આવશે.

૨ આપને હવે પછીનો અંક વીપી કરીશું તો આપ જો ગ્રાહક તરીકે રહેવા માગતા હો તો અમને જેઠ વદી ૫ પહેલાં લખી જણાવશો અને આપનો જવાબ નહિ આવે તો અંક વી. પી. કરશું.

૩ ઉત્સવ, દીક્ષા, કે બીજા કોઈ ઉપયોગી સમાચારો વદી પાંચમ પહેલાં મોકલવા કૃપા કરવી.

૪ ધર્મ પ્રભાવક કે જૈન જનતાને ઉપયોગી સમાચારો અમને મોકલવામાં આવશે તો તેને અવશ્ય સ્થાન આપીશું.

૩ ચાતુર્માસ અને વિહારના સમાચાર પણ વૈ. વદી પાંચમ અગાઉ મળે મુદ્રિત કરીશું.

૬ લેખક મહાશયોએ પોતાનો લેખ સારા અક્ષરે મોકલી આપવા અમારી વિજ્ઞપ્તિ છે.

૭ હવે પછીના દરેક અંકમાં તંત્રીની નોંધ પ્રગટ થશે.

૮ આ પત્રમાં કોઇપણ ભાઇ જૈનધર્મ વિષયક શંકાઓ મોકલશે તેના ઉત્તરો પ્રશ્ન સાથે માસિકમાં આપવામાં આવશે.

તંત્રી.

**શ્રી જૈન ધર્મ વિકાસ.**